- યોગ ક્ષેત્ર દ્વારા JSM.

## એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં તા.21/06/2022 ના રોજ ઓનલાઇન માધ્યમ દ્વારા આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.જયશ્રી દીક્ષિત, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રાધ્યાપકશ્રી ડૉ. સુભાષભાઈ મકવાણાએ કર્યું હતું. તેમણે યોગનું જીવનમાં મહત્વ, કેટલાક યોગાસનો તથા પ્રાયાણામની રાજુઆત કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના સમગ્ર કોલેજ પરિવારે પણ તેમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતમાં કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ.જયશ્રી દીક્ષિતે આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રશિક્ષણાર્થીભાઈ ફરાઝ પઠાણે કરી હતી.



